સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન

# ગપગોળા

: લેખક :

ગિજુભાઈ

શારદામંદિર
અમદાવાદ ૭
૧૬૦

: પ્રકાશક :

આર. આર. શેઠની કંપની

મુંબઈ-૨ ૦ અમદાવાદ-૧

પ્રકાશક
ભગતભાઈ ભુરાલાલ શેઠ
આર. આર. શેઠની કંપની
પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ–૨
ગાંધી માર્ગ, અમદાવાદ–૧

© પ્રકાશકનાં

શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા
▽
પુસ્તક ૨૩ મું.

મુદ્રણ સાતમું : ફેબ્રુઆરી ૧૯૬૬

મૂલ્ય : પચાસ પૈસા

[ ૮૦ પુસ્તકોના સેટના રૂ. ૪૦–૦૦ ]

મુદ્રક
જુગલદાસ સી. મહેતા
શ્રી પ્રવીણ પ્રિન્ટરી
સોનગઢ ( સૌરાષ્ટ્ર )

# ગપગોળા

: ૧ :

શિહોર જેવું એક ગામ હતું. ગામને પાદર એક બાગ હતો. બાગ તો બાગ, પણ એવો સરસ કે આખી દુનિયામાં ન મળે. જે જોઈએ તે ઝાડ મળે ને જે માગો તે ફૂલ હાજર હોય.

માળી એની રખેવાળી કરે. એમાં બનવું છે તે એવો બનાવ બન્યો કે મધરાતે કોઈક આવ્યું ને બધાં ફૂલ લઈ ગયું. સવાર પડી ને જુઓ તો એકે ય ફૂલ ન મળે! "આ શું? રાત આખી ચોકી હતી ને આ શો ગજબ! અરે આ ચોર કેવો? આ ચોર ક્યાંનો?" શિહોરના રાજાએ તો ચોકી મૂકી દીધી.

રાત પડીને પાછી ચોરી થઈ; સવાર પડી ને જાણ થઈ. ચોકીદારો કહે: "એક ઝોકું ય

નહોતું માર્યું. એક કીડીને ય સંચરવા નહોતી દીધી. કોણ જાણે કોઈ અધ્ધરથી જ આવતું હોય તો!”

રાજાએ ઝાડે ઝાડે સિપાઈ બેસાર્યો. કહ્યું: “જોજે, એકે ઝોકું માર્યું છે તો! ફૂલ ગયાં છે તો ઘાણીએ ઘાલીને તેલ કાઢીશ.”

મધરાત થઈ ને એક લાંબી ડોક દેખાઈ. સમસમ્ કરતી બાગમાં ઊતરી ને લેવા માંડી ફૂલો ઉપર ફૂલો. બે કલાક ને ત્રણ કલાકમાં તો બાગ આખાનાં ફૂલો લઈ લીધાં. એક ફૂલ રહેવા ન દીધું!

ચાર વાગ્યા ને ડોક પાછી ફરી. ફરી ફરી તે ઠેઠ દિલ્હી ભણી ગઈ; ને ગઈ ગઈ તે ક્યાંની ક્યાં ચાલી ગઈ.

સવાર પડી ને કચેરી ભરાઈ. સિપાઈ કહે: “ચોર તો પકડયો છે પણ કૌતક છે. રાતે સાંઢણીની ડોક આવે છે, અને બાગમાં ઊતરી બધાં ફૂલ લઈ જાય છે.”

“ઓહો! આ સાંઢણી તે કેવી! એની

ડોક પણ કેવી! ને એનો ધણી વળી કેવો!"

રાજા કહે: "આજે જ રાતે શોધી કાઢો. જોજો; સાંઢણી આવે એટલે એક જણ એને ગળે જ બાઝી પડજો, ને એ જ્યાં જાય ત્યાં ટીંગાતા જજો. બરાબર ખોજ કરીને આવજો કે ક્યાંની સાંઢણી છે, ને કોણ એનો ધણી છે."

મધરાત થઈ, સાંઢણી આવી, ફૂલો લીધાં ને ડોક સંકેલી. ત્યાં તો એક સિપાઈ ઝડપ કરતો ઝાડેથી કૂદ્યો ને ગળે બાઝી પડ્યો. છોડાવવા સાંઢણીએ ઘણું કર્યું પણ પછી શું થાય?

સાંઢણી ને સિપાઈ, બેઉ દિલ્હી પહોંચ્યાં. સિપાઈએ જાણ્યું કે આ તો દિલ્હી શહેરની સાંઢણી ને દિલ્હીનો બાદશાહ જ એનો ધણી! સિપાઈ તો ખબર લઈને શિહોર આવ્યો.

અહીં શિહોરના રાજાએ હુકમ કાઢ્યો કે હવેથી સાંઢણી આવે તો ડોકે છરીથી ચરકો દેવો ને બાદશાહને પણ ખબર પાડવી કે વાડી નધણિયાતી નથી.

પછી રાતે સાંઢણી આવી ને ફૂલ લેવા માંડ્યાં. માળીએ તો પાસે જઈને ચરકો દીધો

ને લોહી કાઢ્યું.

સાંઢણી ગઈ દિલ્હી દરબારમાં ને ફરિયાદ માંડી : " હું દિલ્હીના બાદશાહની સાંઢણી ને મને કોઈ મારે ? "

" દિલ્હીનો બાદશાહ ને એની સાંઢણી, ને એને ગળે છરી મારી ! " બાદશાહ રાતો-પીળો થઈ ગયો : " બસ, લશ્કર મોકલો ને શિહોરના રાજાને પકડી લાવો ! "

બીજે દિવસ થયો ને લશ્કર ઊપડ્યું.

દિલ્હીના બાદશાહનું લશ્કર; એમાં શું કહેવાનું હોય ? જાણે મોટું વાદળ ઊપડ્યું. હાથી, ઘોડા, ઊંટ અને પાયદળ; જાણે મોટો દરિયો ઊમટ્યો !

લશ્કર તો રોજ પાંચદસ ગાઉની મજલ કરે છે ને શિહોર ભણી ચાલ્યું આવે છે.

એમ કરતાં એક દિવસ સાંજ પડી ને એક ગામ આવ્યું. ગામને પાદર એક તલનો છોડ હતો. એની નીચે લશ્કરે પડાવ નાખ્યો.

મોટા મોટા તંબૂઓ ખોડી દીધા; મોટી

મોટી ઘોડાહારો ને હાથીથાનો ઊભાં થઈ ગયાં. તોફાની હાથીઓને અને ઘોડાઓને તલના થડ સાથે બાંધ્યા.

એમાં રાત પડી ને હાથીઓ ને ઘોડાઓ તોફાને ચડ્યા. એવા તોફાને ચડ્યા કે કેમે ય કોઈના હાથમાં ન રહે. એમાં તલનું ઝાડ હલ્યું ને તલ ખર્યા : એ તો ખર્યા ખર્યા તે જાણે તલનો વરસાદ વરસ્યો ! અને તલ નીચે એ તો ભાઈ લશ્કર, હાથી, ઘોડા, ઊંટ, ગધેડાં ને માણસો, સૌ દટાઈ ગયાં ! શિહોર જવાનું પડ્યું રહ્યું ને ત્યાં મોટો તલનો ડુંગરો થઈ રહ્યો.

સવાર પડી ત્યાં ભાભો ખેતરે આવ્યા. ભાભો કહે : "ઠીક થયું; તલને ખેરવા મટ્યા. આ એની જ મેળાએ ખર્યા. ચાલો, હવે તો ઘાણી બેસારીએ ને તેલ જ કાઢીએ."

ભાભો ગામમાં ગયા ને સુલેમાન ઘાંચીને બોલાવી લાવ્યા. ઘાંચી હતો જાડો ભીમસેન જેવો. ઘડીકમાં ઘાણી ને બળદ બધું લઈને ખેતરે આવ્યો ને બેઠો તલ પીલવા.

જેવો સુલેમાન ઘાંચી એવી જેનબાઈ

ઘાંચણ. જેનબાઈએ ટોપલે ટોપલે તલ દેવા માંડ્યા ને સુલેમાને ઘાણીમાં ઓરવા માંડ્યા. બળદને માર્યો એક ઘોકો તે માંડ્યો બળદ દોડવા. આ ફરવા માંડી ઘાણી ને નીકળવા માંડ્યું તેલ. જાણે નદી વહેવા માંડી!

ભાભો કહે : "ઊભો રે' ઊભો; આ તેલ નાખશું ક્યાં? આ તો તળાવ ભરાશે."

સુલેમાન કહે : "ભાભા! એમાં મૂંઝાયા શું? આ ખોળના જ પાળા કરવા માંડો ને? પાળનું તળાવ કરો, ને વચ્ચે તેલ ભરો."

ભાભો કહે : "હા; એ સાચું."

ઘાણી તો ચાલી. એ જેનબાઈનો સૂંડલો! સૂંડલે સૂંડલે કેટલા યે તલ આવે. ને તલમાં તો શું હતું ખબર છે ને? મહીં હાથી, ઘોડા, ઊંટ ને માણસો! પણ જેનબાઈનો સૂંડલો એટલે અડધો આભ સમજો ને!

આ એક સૂંડલો આવ્યો કે બીજો માગ્યો જ છે! બીજો પિલાયો, તો કે લાવજે ત્રીજો.

આ હડહડ તેલ નીકળવા માંડ્યું અને

તળાવ ભરાવા માંડ્યું.

સાંજ પડી ત્યાં તો તેલનું તળાવ ડેંકા દે. ચારેકોર ખોળની રૂપાળી પાળો થઈ.

ભાભો તેલ જોઈને હરખાયો. મનમાં કહે: "માળું, આ છોડનો પાક ઠીક થયો. બેચાર દિવસ તો તેલ નહિ ખૂટે. બે દિવસ ભેંશને ય ખોળ ઠીક મળશે."

ભાભો તો રાતે ત્યાં જ રહ્યા. ઘેર કહેવડાવ્યું કે તલનું તેલ કાઢ્યું છે તે ભાભો વાસુ રહેવાના છે.

સવારે ભાભો ઊઠ્યા ને વિચાર કરવા લાગ્યા: "માળું શિરાવવું છે, પણ હવે ઘેર કોણ જાય? આ ખોળનું બટકું ખાઈ લઉં, ને પાણી આધારે જરાક તેલ પીશ; બપોર સુધી ચાલશે. બપોરના રોટલો ખાઈ આવીશ."

ભાભાએ તો ખોળ ખાવા માંડ્યો પણ એ તો ભાભાનું શિરામણ, ને ભાભાનું બટકું, ને ભાભાની તરશ! ભાભો એટલે શું સમજો છો? ભાભો એટલે ભીમસેનનો ભાઈ. બેચાર બટકાં ખાધાં ત્યાં તો ખોળ બધો ખલાસ!

ભાભો કહે : " ઠીક છે, પેટ તો કાંઈ નથી ભરાયું, પણ ભલા પાણીઆધાર તો થયો ! ચાલ, હવે થોડું તેલ પીઉં."

આ એક, બે, ત્રણ ને ચાર ખોબા તેલ પીધું ત્યાં તો કોરુંધાકોર. જમીન જેવી હતી તેવી થઈ ગઈ!

ભાભો તો લાકડી લઈને ખેતરને આંટો મારવા નીકળ્યા. ત્યાં આઘે કાંઈક વંટોળિયા જેવું દેખાયું. ભાભા કહે : " આ કવખતનો વંટોળિયો ક્યાંથી? "

ઝાડે ચડીને જુએ ત્યાં તો ચાલ્યો આવે છે ને! માટીએ પગે સોનાનાં પૂતળાં બાંધ્યાં છે ને ખંભે ગાડાનો ઊંટડો ખોસ્યો આવે છે, ને ગાડા વાંસે ગાડું ભરાયું આવે છે, ને ગાડેગાડા ભારોભાર લોઢું ભર્યું છે!

ભાભા કહે : "આ વળી કોણનો ? ચાલ, જવા દે સામો, ને જોવા તો દે કે કયો છે ને ક્યાં જાય છે."

માટી=જુવાન આદમી.

ત્યાં તો માટી લગોલગ આવી પહોંચ્યો ને ભાભાને કહે : " એ ભાભા ! જાળવજે. કોરે ખસજે, નહિતર સો યે વરસ પૂરાં થશે. "

ભાભો કહે : " ઓત્તારીની ! આ તો મેખ મારખાંનો દીકરો દેખું ! "

ભાભાએ ઝડપ કરતો ટાંગો પકડ્યો ને પછાડ્યો પગેથી.

આ થઈ પડી ત્યાં તો બથંબથા ! એક મલ્લ ને બીજો મળ્યો. ત્યાં ક્યાં અખાડો શોધવો હતો ? મોટા મોટા પથરા એ તો જાણે રેતી.

આ ગાડાં ને લોઢું ને સોનું તો જાણે કે પડ્યું રહ્યું, ને બંને જણા દડતા દડતા પાંચ પચીશ ગાઉ નીકળી ગયા.

ત્યાં એક ભથવારી જતી હતી. બાઈને ઉતાવળ હતી ને બાઝણુ પણ જોવી હતી.

બાઈ કહે : " બાપુ ! આ મારા પાટિયામાં બાઝવા આવો ને ? મારે ભાત દેવાની ઉતાવળ છે તે ક્યાં ખોટી થાઉં ? "

આ તો બેઉ બળિયા ! ભડ પાટિયામાં પેઠા ને મંડ્યાં મહીં રમઝટ કરવા.

બાઈ તો બાઝણુ જોતી જાય છે ને ચાલી જાય છે. બાઝતા બાઝતા બેઉ જણા ઠરી ગયા. બાઈ કહે : "કાશ ગઈ!"

ત્યાં તો ખેતરે આવ્યું ને ભાત ઉતાર્યું. પટેલને ખાવા આપ્યું ને બાઈ પડખે બેઠી. પાટિયામાં રીંગણાની કઢી હતી. એમાં જ આ ભાઈબંધો બાઝેલા ને ઠરી ગયેલા. ઉપર કઢી કઢી થઈ રહેલા !

પટેલે તો આખો ય પાટિયો કઢી ને આખાં રીંગણાં ઝાપટ્યાં. પટેલ કહે : "માળું ! કાંઇ રીંગણાં થયાં છે, રીંગણાં ! આજના રીંગણાં તો બહુ મીઠા છે."

પટલાણી કહે : "તે કાંઈ મોંમીઠા નથી, એ તો હાથમીઠાં છે. બીજી પટલાણીને એવી કઢી ક્યાં આવડે છે?"

આણી કોર એક બાઈ છાણુ લેવા નીકળેલી. હતી નાની એવી; આકાશને ને એને ચાર આંગળનું છેટું ! છાણુ લેતાં લેતાં આમ ઊંચું મોં કરીને જોયું. "એ પણે કંઈક દેખાય." એમ કરીને એ તો આવી લોઢાનાં ગાડાં ને

સોનાનાં પૂતળાં પાસે. આમતેમ જોયું ને કહે: "માળું! આ ધણીધોરી વિનાનું કોનું હશે? હશે જેનું હશે તે. આવશે ગોતતો. ચાલ ને આજે આ જ ઉપાડું! સોનાની નાકની નથ થશે ને આ લોઢાની સાંકળી કરીશ." એણે તો સૂંડલામાં લોઢું ને સોનું ભર્યું ને ચાલી.

રમઝમ કરતી ચાલી જાય છે, ત્યાં આકાશે વંટોળિયો ચડ્યો, એવો ચડ્યો, એવો ચડ્યો, કે ક્યાંઈ આંખ ઉઘાડતાં દેખાય નહિ. એ તો જાણે ભગવાને પોતે ફૂંક મારી ને ધૂળ ઊડી. પણ કાંઈ ધૂળ ઊડી! એકલી ધૂળ, ધૂળ, ધૂળ! ઠેઠ આકાશ સુધી ધૂળ!

બાઈ કહે: "આમાં તે ઘેર ક્યાં જાઉં? લાવ ને ઓથારે બેસું ને પોરો લઉં?"

પણ વંટોળિયો કાંઈ! એ તો એવો વાયો, એવો વાયો કે ઝાડને મૂળમાંથી ઉખેડ્યું ને બાઈને પણ ઉડાડી, ને એના સૂંડલાને પણ ઉડાડ્યો. વંટોળિયામાં કોણ જાણે બાઈ ક્યાંઈ ઊપડી ગઈ.

તણખલાં કેટલાં યે ઊડતાં હતાં; એમાં

પેલો સૂંડલો પણ ઊડ્યો, ઊડ્યો, ઊડ્યો, તે ઊંચે ઊંચે ક્યાંઈ સુધી ઊડ્યો.

પછી તો વંટોળિયો ધીરો પડ્યો ને ધૂળ પણ હેઠી બેઠી.

રાજાની રાણી હતી. એને મનમાં થયું કે "લાવ ને, બારીએ જઈને જોઉં તો ખરી કે વંટોળિયો કેવોક ઊતર્યો છે!" એ તો ગોખે જઈને ઊંચી આંખ કરી જોતી હતી ત્યાં તો આંખમાં કણું પડ્યું.

રાણી કહે: "દાસી, દાસી,! જો કંઈક આંખમાં પડ્યું. એવડું બધું મોટું કણું તો નથી, પણ જરાક ખૂંચે છે. બરાબર જો તો ?" આંખ ઉથલાવ, ને જો જોઈએ કેવુંક છે?"

દાસીએ આંખ ઉથલાવી ને કણું જોયું ને કહ્યું: "છે તો જાણે સાવ નાનું એવું. પણ આપણે આપણા વાળંદને બોલાવીએ કે ઝટ લઈને કાઢી નાખે."

દાસી વાળંદને બોલાવવા ગઈ ને રાણી આંખ ચોળતી બેઠી.

વાળંદ કહે: "આ છાશરોટલો ખાઈને

હમણાં આવ્યો."

વાળંદે કોથળી ખભે લટકાવી, કેડે ભેટ વાળી ને દરબારમાં આવ્યો.

રાણી કહે: "જુઓ તો મેધાભાઈ! કાંઈક પડ્યું લાગે છે. જરાક આંખમાં ખટકે છે."

વાળંદ કહે: "એ તો કણું છે. છે થોડુંક લોઢું ને કંઈક સોનું ને એવું. મહીં બેપાંચ પચીશ ગાડાં જેવું કળાય છે."

રાણી કહે: "ત્યારે કાઢી નાખો. ને એ બધું તમારે ત્યાં જ લઈ જજો."

વાળંદે તો મોટો જબરો ચીપિયો કાઢ્યો ને રાણીની આંખ ઊથલાવીને મંડ્યો મહીંથી કણું કાઢવા. આ લેજાવારમાં તો કણું કાઢી નાખ્યું ને આંખ હળવી હળવી થઈ ગઈ.

રાણીએ વાણંદને સરપાવ આપ્યો અને ખુશી કર્યો.

વાળંદે તો કેડે ભેટ બાંધી હતી ત્યાં કણું ખોસ્યું ને રજા લઈને ઘેર ગયો.

ઘેર જઈને વાળંદ વિચાર કરવા લાગ્યો:

---

કળાવું=દેખાવું. લેજાવારમાં=ઘડીમાં.

" માળું આવાં કણાં કેટલાં યે ભેગાં થયાં છે. ચાલ ને આ લોઢાનો નાનકડો ચીપીયો ઘડાવું ને આ થોડુંક સોનું છે એની કડી કરાવું ? "

ખિસ્સામાં નાખીને વાળંદ લુહાર પાસે આવ્યો ને કહે " એ ભાઈ! આ જરાક મારો ચીપિયો કરી આપીશ કે ? "

લુહાર કહે : " અરે રામ ! આવું નાનું કામ મારાથી નહિ થાય. જા ને બજારે ? મારો ભાઈ બેસે છે અને મારું નામ દઈને કે'જે કે ચીપિયો ઘડી આપે. હું તો મારે આ એક મોટું કામ છે એમાં પડ્યો છું. "

વાળંદ બજારે ગયો ને ચીપિયો ઘડાવ્યો, ને સાથે સોનાની કડી કરાવી.

વાળંદ ગામમાં હજામત કરે ન ચીપિયો લઈને ફરતો ફરે.

એક ભરવાડ હતો. ઘણા દિવસની હજામત ચડેલી. બેઠેલો એક ઓટલા પાસે. એને થયું : " લાવ ને આ વાળંદ પાસે મૂંડાવું ? આ એની પાસે ચીપિયો બહુ સરસ છે; નાકમાંથી વાળ પણ સારા ખેંચાશે. "

ભરવાડ હજામત કરાવવા બેઠો. સાવ નાનું એવું એનું માથું ને સાવ પાતળું એવું એનું મોઢું.

વાળંદ કહે : "ઊભો રહે, ભાઈ ! નવો અસ્ત્રો લાવવા દે. આ કોથળીમાં છે એ વખતે ભાંગી જાય. તારા વાળ બહુ કૂણા છે."

વાળંદે બીજો અસ્ત્રો આણ્યો ને ભરવાડને મૂંડ્યો. ચારેકોર હજામત થઈ રહી; માથું જાણે સાફસૂફ કરેલી ગોળ એવી ધરતી ! એક ઝાડ જેવી ચોટલી વચ્ચે ફગફગે.

લપેટોબપેટો લઈને વાળંદ ઊભો થયો ત્યાં ભરવાડ કહે : "એ જરા નાકમાંથી વાળ ખેંચતો ઊઠજે."

વાળંદ ચિડાયો ને ચીપિયો લઈને ઝટ દઈને ઝટકો માર્યો ને વાળ ખેંચ્યો.

ભરવાડ કહે : "આમ તે પાર ક્યાં આવશે ? પચીશપચાસ સાથે ખેંચ. બડ ખેંચતાં નથી આવડતું ? વાળંદ છો કે કુંભાર છો ?"

દાઝે બળી વાળંદે વાળ ખેંચ્યા ને ભરવાડે સૂં કરીને ઊંચો શ્વાસ લીધો. ને ત્યાં તો

વાળંદના હાથમાંથી ચીપિયો સરકી ગયો ને ભરવાડના નાકમાં પેસી ગયો !

વાળંદ કહે : " મારો ચીપિયો લાવ. "

ભરવાડ કહે : " હું શું કરું ? મેં કાંઈ તારો ચીપિયો થોડો લીધો છે ? "

વાળંદ કહે : " ત્યારે શું કરવા સૂં કર્યું ? "

ભરવાડ કહે : " એ તો નાક છે તે થાય. "

બન્ને જણ લડતા રાજા પાસે ગયા.

રાજા કહે : " ભરવાડભાઈ ! કાં ચીપિયો આપો ને કાં પૈસા આપો. "

ભરવાડ કહે : " પૈસા તો ક્યાંથી આપું ? જોઈ એ તો મારા નાકમાં વાળંદ જાય ને જ્યાં હોય ત્યાંથી ચીપિયો ગોતી લે. "

વાળંદ કહે : " કોણ ના પાડે છે ! "

ભરુ કહે : " ત્યારે વાળ કછોટો, ને થઈ જા તૈયાર. નાક આગળ ઊભો રહે ને સૂં કરું ત્યારે અંદર પેસી જજે. "

વાળંદ તો કછોટો મારી ઊભો રહ્યો ને સૂં થયું કે અંદર પેસી ગયો !

" અધધધ ! આ નાકમાં તે ચીપિયો ક્યાં હાથ આવે ? આવડું મોટું ખીણ જેવડું નાક ! ઓ બાપ રે ! "

વાળંદે તો ચીપિયો ઘણો શોધ્યો, ઘણો શોધ્યો, પણ ત્યાં ક્યાં હાથ આવે ? એ તો બિચારો થાક્યો અને બીડી પીવાનો વિચાર કરવા લાગ્યો.

પણ ખિસ્સામાં બીડી ન મળે. " હવે શું કરવું ? " તલપ તો લાગેલી. " ચાલ ને, આ ઝાડ છે એના ઉપર ચડીને જોઉં ? વખતે મારા જેવો કોઈ ભટકતો હોય તો ! "

વાળંદ ઝાડ ઉપર ચડ્યો ને ચારેકોર જોયું. ત્યાં એક રબારી લાકડીને ટેકે ઊભેલો, આમતેમ ચારેકોર જોતો હતો.

વળંદે તો સાદ પાડ્યા ને રબારી વાળંદ પાસે આવ્યો.

અહોહો, બેઉ કાંઈ રાજી થયા ! બન્ને ભેટીભેટીને મળ્યા હળ્યા ને પછી બંને વાતો કરવા બેઠા.

રબારી કહે : “ ભાઈ! આ ત્રણ વરસ થયાં આ નાકમાં મારાં ઘેટાંબકરાં ખોવાયાં છે તે ગોતું છું. ક્યાંઈ પત્તો લાગતો નથી.”

વાળંદ કહે : “ અરે ભાઈ! ક્યાંઈ મારો ચીપિયો ભાળ્યો ? ”

રબારી કહે : “ ચીપિયો ? ચીપિયો તો કોણ જાણે; પણ પણે તળાવ પાસે ઝાડવા ઉપર કાંઈક તગતગતું'તું ખરું.”

વાળંદ અને રબારી ઝાડ પાસે આવ્યા, ને જોયું તો ત્યાં જ ચીપિયો લટકતો હતો.

વાળંદ કહે : “ હાશ ! ”

વાળંદ તો ખુશીખુશી થઈ ગયો.

પણ રબારી કહે : “ મારાં ઘેટાંનું શું ? ”

વાળંદ કહે : “ ગોતી કાઢીએ. મોટી દુનિયા હોય તો યે શું ? ખૂણે ખૂણે જોઈ વળીએ. ”

રબારી ને વાળંદ બીડીઓ પીવા બેઠા.

પાસે મજાની હોકલી હતી તે રબારીએ કાઢી ને સળગાવી. એક ફૂંક લીધી ને ધુમાડાના ગોટેગોટા નીકળ્યા !

વાળંદ કહે : "એલા આ તો ભૂંગળાના ધુમાડા નીકળ્યા !"

રબારી કહે : "ત્યારે એમ છે ! રબારીની હોકલી કોનું નામ !"

ત્યાં તો હોકલી પીતાં પીત તિખારવો ઊડ્યો ને પાસેના ખડ ઉપર પડ્યો ને આગ થઈ. ત્યાં તો ભરવાડના નાકમાં કંઈક ગરમ-ગરમ લાગ્યું ને સળવળ સળવળ થયું. એમ થતાં બે છીંક આવી : છીં, છીં ! અને છીંક આવી ને એની સાથે જ વાણંદ, ને ચીપિયો ને રબારી, ને એનાં ઘેટાં ને બકરાં, ને બધું બજાર વચ્ચે નીકળી પડ્યું !

રબારી ઘેટાંબકરાં લઈ ઘેર ગયો; વાળંદ ચીપિયો લઈ પોતાને ઘેર ગયો. ને ખાધું પીધું ને રાજ કર્યું.

: ૨ :

શેરીના છોકરા ભેગા થયા ને કાનાભાભાને કહે : "કાનાભાભા ! એક ગપ મારો. રોજ ને રોજ સાચી વાર્તા કહો છો, તે આજ તો

તોપ જ હાંકો.”

કાનાભાભા કહે: “લ્યો, ત્યારે આજ તોપ હાંકીએ. સાચી વાતોથી થાક્યા હો તો ગોળો ફેંકીએ.”

કાનાભાભાએ કેડ બાંધીને તોપ ફોડવા માંડી:—

એક વાર ભાઈ એવું બન્યું કે આ રામપર ગામના માધા ખારવાનો દાદો દેવો ખારવો વહાણે ગયો.

છોકરો કહે: “ભાભા! આ વાત તો સાચી લાગે છે.”

ભાભા કહે: “ના રે ભાઈ! રામપરમાં માધુ ખારવો ય નથી ને એનો દાદો ય નહોતો. મૂળમાંથી જ તો ગપ હંકાય છે.”

દેવો કાંઈ એક ન હતો; સાથે બીજા એ ચાર ખારવા પણ હતા. અહીંથી નાળિયેર ભરીને બધા આડન જવા નીકળેલા. આડન અરબસ્તાનમાં આવ્યું છે; એના લોકો આરબ કહેવાય. આપણા ગામમાં આલ્યા ‘હબોલો

શબોલો ' બોલતા નીકળે છે, એ આરબો.

એ તો ભાઈ ઘોઘા બંદરેથી વહાણ હાંક્યું. હાંકતા હાંકતા દસ દિવસે વહાણ મધદરિયે પહોંચ્યું. ખારવા બધા વાતોના ગપ્પા હાંકતા જાય છે ને વહાણ ચાલ્યું જાય છે. એમાં એમ બન્યું કે ઝડપ કરતો ને દેવો અધ્ધર ઊપડ્યો ને ઊંચે જુએ ન જુએ ત્યાં તો દેવો ક્યાંનો ક્યાંઈ ઊંચે ચડી ગયો. આંખના પલકારામાં તો દેવો ગૂમ થઈ ગયો !

રતનો ને રામો તો દિંગ જ થઈ ગયા ! " દેવાને તે શું પાંખો આવી ? કે કોઈ પરી ઉપાડી ગઈ? " હજી વિચાર કરે છે ત્યાં તો રતનો ઊંચે ઊપડ્યો. પણ જ્યાં ઊપડ્યો ત્યાં તો રામાએ એનો પગ ઝાલ્યો; ને રામાનો પગ ભગાએ, ને ભગાનો પગ નાથાએ ઝાલ્યો.

એ તો ચારે જણા ઊપડ્યા આકાશમાં. ગયા ગયા તે મેરુ પર્વતની ટોચે ગયા. ત્યાં ઝરખ પંખી એને ઉપાડી ગયેલું. ઝરખ પંખી મેરુની ટોચે રહે.

આ તો ભાઈ દેવો, રતનો, રામો, બધ

મેરુની ટોચ ભેગા થયા.

ઝરખ પંખી એક મોટી આગબોટ જેવડું. ઝડપ કરતું ને હેઠે ઊતરે ને ગામમાં જઈ રોટલા, દાળ ને શાકનાં તપેલાં ઉપાડી લાવે, ને બધાને ખવરાવે.

આ બધા તો ત્યાં મેરુની ટોચે રહે છે. જવાનો મારગ તો ક્યાંઈ હતો નહિ. બધા રોજ ઝરખ પાસે કરગરે : " એ ભાઈશા'બ ! હવે અમારે ઘેર જવા દે ! " પણ ઝરખને તો એક વરસ દિવસ ન બોલવાનું નીમ હતું. એટલે એ તો બોલે કે ચાલે. ખાવાનું લાવે, બધાને ખવરાવે ને આકાશમાં ઊડયા કરે.

છોકરાઓ કહે : " ભાભા ! આ તો ઠીક હાંકી; પણ વહાણ ને બીજા ખારવાનું શું ? "

ભાભા કહે : " હવે એ જ આવે છે. "

વહાણમાં તો ભાઈ ત્રણ જણા રહ્યા. એ તો ગભરાટમાં ને ગભરાટમાં અડધા થઈ ગયા. ધીમેધીમે વહાણ હંકારતા બધા પાછા વળ્યા. પણ એમાં એમ બન્યું કે એક દિવસ સવારે એકદમ વહાણમાં અંધારું અંધારું થઈ ગયું;

ક્યાંઈ દરિયાનું પાણી જ મળે નહિ! હોડી તો જાણે ખૂતી ગઈ હોય એમ લાગ્યું!

મરઘો ખારવો વિચારમાં પડ્યો. તે કહે: "અરે, આ તે આપણે જમીન ઉપર આવ્યા, કે છે શું?"

આમ આમ ફરીને જુએ ત્યાં તો મોટા મગરમચ્છના પેટમાં પેઠેલા!

ખારવા કહે: "હવે શું થાય?

મરઘો કહે: "ફીકર ન કરતા. આવા મગરમચ્છની જાતને હું ઓળખું છું. મારા દાદાનું વહાણ એક વાર આવા મગરમચ્છના પેટમાં ગયેલું, તે દાદાજી અગિયાર વરસ એમાં રહેલા! દાદાએ તો ભારે કરેલી. મગરમચ્છના પેટમાં ઘર બાંધેલું, ખેતી કરેલી, કૂવા ખોદેલા ને નાનકડું એવું ગામ વસાવેલું!"

"ત્યારે આપણે પણ એમ જ કરીએ." જગાએ મરઘાને કહ્યું.

જગો ને મરઘો વહાણમાંથી હેઠે ઊતર્યા અને ઉતારો કરવાની જગ્યા શોધવા લાગ્યા.

ચારેકોર ફરતાં ફરતાં એક નદી હાથ લાગી. મગરમચ્છ પાણી પીએ એની એ નદી. ભેખડ ઉપર ખારવાઓએ ઉતારો કર્યો.

સરસામાન એના ઉપર લાવીને મૂક્યો. ખારવાઓ પાસે બંદૂકો હતી, છરા વગેરે હથિયારો હતાં ને છરીઓ પણ હતી. ભેખડ ઉપર ઊગેલું ખડ દૂર કરી ત્યાં નાની એવી રાવટી નાખી. એમ રહેતાં આઠેક દિવસ તો ચાલ્યા ગયા. પણ એટલામાં તો ખાવાનું ખૂટયું ને મરઘાને ફિકર પડી. મરઘો તો બંદૂક લઈને નદીકાંઠે ચાલી નીકળ્યો. ત્યાં એણે જંગલમાં એક ડુક્કર ફરતું જોયું. ડુક્કરને જોઈ મરઘાએ ધડિંગ દઈને ગોળી છોડી ને ડુક્કર હેઠું પડ્યું. મરઘો ડુક્કરને લાવ્યો ને ચારપાંચ દિવસની ભૂખ ભાંગી. પછી તો રોજ રોજ શિકાર લાવે ને ખારવા ખાય.

પણ આખો દિવસ ખારવા ખાઈ પીને શું કરે? એમણે વિચાર કર્યો, ચાલો આપણે મગરમચ્છના પેટને માપીએ. એકેક જણ એકેક દિશાએ ઊપડ્યો. ફૂટપટ્ટી, દોરી ને હથિયારો

લઈને ચારે જણા ઊપડયા.

મરઘો ઉગમણો ગયો. મરઘે વિચાર કર્યો કે આ મગરમચ્છને માપવો આકરો છે. એ તો એક ઝાડ ઉપર ચડયો ને નજર નાખી જોયું તો ખબર પડી કે દૂરદૂર એક નાનું એવું ગામડું છે ને એમાં પોતાના જેવા જ માણસો વસે છે. મરઘો તે તરફ ચાલતો હતો, ત્યાં એક ધડાકો થયો ને ઊછળી પડયો. સામે બે મોટા પહાડો દેખાયા; તે ઉપર લખેલું હતું: "ઉપર કોઈ ચડશો નહિ."

મરઘો તો પાકો હિંમતબાજ હતો. એ તો ખુદાનું નામ લેતોક ને ચડયો. પછી જોઈ લ્યો મજા! મરઘો માણસમાંથી પક્ષી બની ગયો ને એક બાઈએ એને પાંજરામાં પૂરી દીધો.

રતનો આથમણો ગયો. એણે રસ્તે ચાલતાં એક વાવ દીઠી. સુંદર મજાની હતી. રતનાને તરસ લાગેલી તે પાણી પીવા અંદર ઊતર્યો. જ્યાં પાણી પીવા જાય છે ત્યાં તો અંદરથી અવાજ આવ્યો: "ખબરદાર! કોઈ પાણીબાણી ન પીતા. જીવનું જોખમ સમજી લેજો."

પણ રતનો તો બહાદુરનો બેટો હતો. ખોબો ભરીને પાણી પીવા લીધું, પણ ત્યાં તો એની ફરતી આગ ફરી વળી. આગમાંથી એક વાઘ નીકળ્યો ને રતનાને ગળે બાઝ્યો ને એને ઉપાડ્યો. વાઘ તો દૂર એક જંગલમાં ગયો ને રતનાને ગુફામાં બેસાર્યો. થોડી વાર થઈ ત્યાં એક બાઈ આવી. બાઈ રતનાને કહે: "તું મારો ગુલામ છે. આ એક લાખ મોતીની માળા કરી આપ પછી તને છોડીશ." રતનો તો બીચારો મોતીની માળા કરવા બેઠો.

બીજા બે ખારવા ઉત્તર ને દક્ષિણ ગયા. ઉત્તર દિશામાં જતાં પીરમને એક ઘરોળી મળી. ઘરોળી કહે: "ભાઈ! ક્યાં જાઓ છો?"

પીરમ કહે: "બહેન! આ દેશ માપવા જઈએ છીએ."

પીરમે સામેથી પૂછ્યું: "બહેન! તમે ક્યાં જાઓ છો."

ઘરોળી કહે: "હું તો મેરુ પર્વતની જાત્રાએ જાઉં છું. ત્યાં તારે આવવું હોય તો ચાલ. હું તને મારી પીઠ ઉપર બેસારીશ ને

લઈ જઈશ.”

પીરમ કહે : “ભલે.”

પીરમે તો ધરોળીના કાન પકડી રાખ્યા: ને ધરોળી ખરખર કરતી ઊપડી.

એક છોકરો કહે : “ભાભા! આવું તે ક્યાંઈ બનતું હશે?”

ભાભા કહે “ત્યારે ટાઢા પહોરના ગપ્પા કોનું નામ કહેવાય? આવી વાતો તો બધી ખોટી જ હોય ના?”

બીજો કહે “ત્યારે ભાભા! એવી વાતો નથી સાંભળવી. આ તો મેળ વિનાની વાર્તા. બીજી સાચી વાર્તા કહો.’

ત્રીજો કહે “પણ ભાઈ! મારે સાંભળવી છે. મારે જોવું છે કે ગપ્પા ગપ્પા વાર્તા તે કેવી હોય.”

ચોથો કહે “પણ હવે આ વાર્તા કેટલી લાંબી ચાલશે?”

ભાભા કહે “લાંબી? આનો તો કોઈ અંત જ ન હોય.”

છોકરો કહે : કહો કહો. એવી વાર્તા યે ગમે તો છે. જોઈએ ગપ્પા કેવા મારો છો!"

ભાભાએ આગળ ચલાવ્યું :

પછી ઘરોળી આકાશે ઊડી જતી હતી ત્યાં દેવરથ ભટકાયો ને ઘરોળીની પૂંછડી તૂટી પડી. ઘરોળી આખી ધ્રૂજી ગઈ. પણ સારું થયું કે ઉપરનો બેસનાર હોશિયાર હતો; એણે ઘરોળીના કાન બરાબર પકડ્યા હતા. હવે પેલી પૂંછડી તૂટીને એક રાજમહેલ પર પડી : રાજમહેલના ભુક્કેભુક્કા થઈ ગયા; ને રાજા, રાણી, કુંવર ને નોકરચાકર બધાં મરી ગયાં. એક કાણિયો રસોયો બચી ગયો. તે પછી ક્યાં ગયો ને એનું શું થયું એની વાત હવે પછી.

આ ઘરોળી તો આકાશે ઊડી તે ઠેઠ મેરુ પર્વત જેટલે ઊંચે ઊડી: ઊડતી ઊડતી મેરુ પર્વત પાસે આવી. બંને આમ ઊડ્યાં જાય છે ત્યાં તો ઘરોળીએ બારવાને ચેતવ્યો : " જોજે હવે તૈયાર રહેજે. ગરબ પંખી હમણાં દેખશે ને તને ઉપાડી જવા આવશે. જો, મારા કાન બરાબર પકડી રાખજે. અને જો તને

ચાંચ વતી ઉપાડે તો લે આ માછલીનું શીંગડું; એના પગને અડાડજે એટલે એના પગ તૂટી જશે. પણ જોજે, જો પગને બદલે નખે અડશે તો હું એકદમ હેઠી પડીશ ને જમીન ફાટશે ને આપણે બન્ને પાતાળમાં જઈશું."

વાત થાય છે ત્યાં તો સરરર ખરરર થતો અવાજ આવ્યો, ને આંખના પલકારામાં તો ઝરખ પંખી દેખાયું. એક મોટા ડુંગરા જેવડું સૂ સૂ કરતું ઘરોળીની સામે આવ્યું ને ઝડપ કરતી ઝડપ નાખી.

પણ ત્યાં તો ખારવાએ માછલીનું શીંગડું અડાડવા હાથ લંબાવ્યો. પણ ઝરખ ભારે હોશિયાર ! તે ચેતી ગયું ને કૂદકો મારી ખસી ગયું. શીંગડું પગને બદલે નખે અડ્યું ને ભફાંગ કરતી ઘરોળી જમીન પર પડી, ને જમીન ફાટી ને ઘરોળી ને ખારવો પાતાળમાં પેસી ગયાં.

આ તરફ ઝરખ પંખીના નખને શીંગડું અડ્યું એટલે એ ઝરખમાંથી પોપટ થઈ ગયો ને એક રાજાના મહેલે જઈને બેઠો. પોપટ તે કાંઈ એવો થયો કે આખી દુનિયામાં એવો ન હોય !

પોપટ તો રાજમહેલે જઈને પઢવા લાગ્યો. એવું રૂપાળું પઢે કે રાજાની રાણીને થયું કે પાળવો તો બસ આ જ પોપટ પાળવો !

ભાભો કહે : " લ્યો, હવે કાલે વાત. આજ તો બહુ મોડું થયું."

છોકરાઓ કહે : " ના; પોપટનું પછી શું થયું તે કહો ને કહો ! "

ભાભો કહે : " અરે, હજી તો કેટલી યે વાતો આવવાની છે. જોડી જોડીને જ કહેવાનું એમાં અંત ક્યાંથી આવે ? "

છોકરા કહે : " ત્યારે બધી પરીઓની વાતો આમ જ ગપગોળા હશે ને ? "

ભાભો કહે : " એ તો એમ જ છે ના ? "

**ગપ્પીને ઘેર ગપ્પી આવ્યા,**
**સાંભળો ગપ્પીજી;**
**બાર હાથનું ચીભડું ને**
**તેર હાથનું બી.**